**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૪૧ ટકા

# હવે યુવતિઓ માટે સ્વ-રક્ષણ અનિવાર્ય

## વધતી જતી ગુનાખોરીથી બચવા માટે સ્વ-રક્ષણની તાલીમ યુવતિઓ માટે પ્રાથમિકતા

ગાંધીનગર, તા.૧૬

શહેરમાં તાજેતરમાં ચાલી રહેલા સૂરત ગ્રીષ્મા હત્યા કેસ બાબતે ચર્ચાઓ ચાલી રહી છે. શહેરીજનો આ કાળજુ કંપાવી નાંખે તેવી ઘટનાથી દુઃખી થયા છે. નિરાશ થયા છે અને શોકમગ્ન થયા છે ત્યારે ગાંધીનગરમાં આવી કાળજુ કંપાવી નાંખે તેવી ઘટનાઓ ન બને તેવું પણ ઈચ્છી રહ્યા છે. પોતાની દિકરીઓને સ્વ-રક્ષણની તાલીમ માટે ટ્રેનિંગ કલાસમાં મોકલી રહ્યા છે. સેલ્ફ ડિફેન્સ જ એક ઉપાય સમજીને હવે દિકરીઓ હોય કે કોઈ યુવતી હોય સ્વ-રક્ષણ કરવા માટે તાલીમ ચોકકસ પણે લેવી જ જોઈએ.

જાહેરમાં હત્યા, ખૂન ખરાબી, મારપીટ જેવી ઘટનાઓ શહેરમાં પોલીસ તંત્ર દ્વારા રોકવાના પ્રયાસો કરવામાં આવે છે પરંતુ યુવતીઓએ પોતાની રીતે તાલીમ લીધી હશે, સ્વ-રક્ષણની તાલીમ લીધી હશે તો ફરીથી કોઈ ગ્રીષ્માની હત્યા નહીં થાય સેલ્ફ ડિફેન્સની તાલીમ શહેરમાં ઘણા વર્ષોથી ચાલી રહી છે. જેમાં દિકરીઓ કઈ રીતે પોતાનું રક્ષણ કરી શકે છે તેની સંપૂર્ણ તાલીમ આપવામાં આવે છે. દિકરીઓને ઘરમાં ઘરનું કામકાજ શીખવાડતી ગૃહિણીઓએ હવે તેમને સ્વ-રક્ષણ માટેની તાલીમ પણ આપવી જોઈએ. માત્ર ઘરકામ કરવાથી દિકરીઓનો સંસાર નથી બનવાનો. વર્તમાન સમયમાં કરાટે કરતી દિકરીઓ, પાવરફૂલ સ્માર્ટ દિકરીઓ જે સ્વ-બચાવ કરી શકે તેવી દિકરીઓ જ પોતાનું રક્ષણ કરી શકશે. તેથી માતા પિતાએ પણ હવે સમજવું પડશે અને ટ્રેનિંગ માટે સેલ્ફ ડિફેન્સ કલાસમાં બાળકોને મોકલવા જોઈએ.

સોશિયલ મીડિયાના જમાનામાં આજની યુવાપેઢી વિચિત્ર વેડા કરતી થઈ ગઈ છે. કોઈ માતા પિતાના કહ્યામાં ન રહેતા યુવાવર્ગ ખોટા ખોટા ધંધાઓ કરે છે. દારૂ, જુગાર, ડ્રગ્સની લતમાં પડી જાય છે. જેમાં આ પ્રકારની ગુનાખોરી વધી રહી છે. જેથી મા-બાપમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. પોતાનું સંતાન કોના જોડે મિત્રતા કરે છે, કોના જોડે વાતચીત કરે છે, કોના જોડે ફરવા જાય છે તે સંપૂર્ણ માહિતી પેરેન્ટસ પાસે હોતી નથી. વિકૃત માનસિકતાવાળા લોકો ગમે ત્યારે ગમે તેવી ગુનાખોરી કરી બેસે છે જો સુરક્ષા કરતા આવડે તો ગર્લ્સમાં કોન્ફિડન્સ વધે છે. અને જયારે કોન્ફિડન્સ હોય ત્યારે વ્યકિત માઈન્ડ ટ્રિકસ અને સૂઝબૂઝથી સામે ઉભેલ ૧૦ વ્યકિતને પણ પરાજય કરી શકે છે. આ ઘટના પછી દરેકની આંખ ખુલી છે.

સેલ્ફ ડિફેન્સ એટલે માત્ર કરાટે, કિક અને પંચ એટલું જ નથી. એક ચાવીથી, હાથના કડાથી કે બેગ જેવી વસ્તુથી તમે તમારો બચાવ કરીને જે તે પરિસ્થિતિમાંથી કેવી રીતે બહાર નીકળી શકો છો તે સેલ્ફ ડિફેન્સ (સ્વ રક્ષણ) છે.

જયારે કોઈ છોકરી પ્રેમ કે લગ્નમાં જોડાવા માટે ના કહે ત્યારે તેનો અર્થ ના જ હોય છે પરંતુ આવા કિસ્સામાં તે સજા બની જાય છે. સાચું સાંભળવાની કે બોલવાની અને સ્વીકારવાની તાકાત દરેક વ્યકિતમાં હોવી જોઈએ. જે ગ્રીષ્માના કેસમાં રહેલ છોકરામાં ન જોવા મળી. તે છોકરાનો આ પ્રેમ હતો કે પછી અહંકાર હતો? છોકરીના જવાબની પાછળના દષ્ટિકોણ અને તેના અભિપ્રાયનો આદર થવો ખૂબ જરૂરી છે.



●●●

સુરતમાં બનેલી ઘટના સોસાયટી માટે ખરેખર ખૂબ જ ઘૃણાસ્પદ અને શરમજનક છે. છોકરીઓએ સ્વ-રક્ષણ માટેની તાલીમ લેવી જ જોઈએ જેથી આવી પરિસ્થિતિમાંથી બચી શકે છે.

**- મેઘલ રાઠોડ**



●●●

ઘર, કુટુંબ, સમાજમાં દીકરાઓને અપાતું વધારે પડતું મહત્વ અને પ્રોત્સાહન તેઓને ગેરમાર્ગે દોરી જાય છે. સમાજમાં આવા શરમજનક બનાવો અટકાવવા માટેની શરૂઆત દરેકના ઘરમાંથી જ કરવી જોઈએ. આ માટે દરેક દીકરીને હીંમતવાન અને આત્મવિશ્વાસુ બનવાની જરૂર છે. જેથી તેઓ પોતાનું સ્વ-રક્ષણ સમાજના રીતરીવાજો-ડર વિના કરી શકે.

**- પ્રજ્ઞાબેન ગજ્જર**



●●●

છોકરીઓને આ કેમ કહેવામાં આવી રહ્યું છે સેલ્ફ ડિફેન્સ વિશે. સુરતમાં જે ઘટના બની તે માટે તો હવે છોકરાઓને તાલીમ આપવી જોઈએ. માતા-પિતાએ છોકરાઓને શીખવવું જોઈએ કે છોકરીઓની રીસ્પેકટ કરે. આમાં ઘરનું વાતાવરણ પણ ભાગ ભજવે છે. માતા પિતાના ઝઘડાઓ પણ બાળકોને ખરાબ પ્રવૃત્તિમાં ધકેલી શકે છે તેથી ઘરનું વાતાવરણ જાળવી રાખવું જોઈએ.

**- નુપુર વિજયાંસી**



●●●

સુરતની જે ઘટના બની તે બહુ જ ખરાબ ઘટના છે અને આવી ઘટનાથી ભવિષ્યમાં છોકરીઓને બચવા માટે જાતે જ પોતાનું રક્ષણ કરવું પડશે અને તેના માટે જુડો કે કરાટેની તાલીમ દરેક છોકરીઓને લેવી જ જોઈએ.

**- સંધ્યા કલમા**



●●●

એક છોકરી જે હાલમાં જેને એનું જીવન ટુંકાવ્યું છે હું એ જ કહેવા માંગુ છુ એક છોકરી તરીકે તેની પોતાની જાતને સ્વ રક્ષણ અને સેલ્ફ કોન્ફીડન્સ હોવો જોઈએ જે એના પરિવારના સભ્યો અને પાસે રહેનારા માણસો પાસેથી મળે છે. છોકરીને બચપનમાં જ એમ કહેવામાં આવે છે કે તે એક છોકરી છે તું આમ ના કરી શકે અને છોકરાને તો આવું કંઈ કહેવામાં આવતુંથી. મન ફાવે તેમ છોકરાઓ કરે છે માતા પિતાના કહ્યામાં રહેતા નથી. છોકરાઓને પણ મા એ શીખવવું જોઈએ કે તે છોકરીઓની રીસ્પેકટ કરે

**- નીલમ સોલંકી**



●●●

નારી લક્ષ્મી, સરસ્વતી, શકિત છે પણ હવે તેને મહાકાલીનું રૂપ પણ લેવું જ પડશે. દિકરીઓને શિક્ષણની સાથે સ્વ રક્ષણની શિક્ષા પણ આપવી ખુબ જરુરી છે.

**- વંદના**



●●●

હું એક કરાટે કોચિંગ કલાસ ચલાવું છું જે ૧૯૯૧થી ચાલે છે. જેમાં દિકરીઓને સ્વ રક્ષણની તાલીમ આપવામાં આવે છે. આવી ઘટનાઓથી બચવા માટેઅવશ્ય આ તાલીમ લેવી જ જોઈએ. કોરોનાકાળ બાદ દિકરીઓની સંખ્યા મારા ટ્રેનિંગ કલાસમાં વધી ગઈ છે. જે ખૂબ સારી બાબત છે. દિકરીઓએ ઘરકામની સાથે સ્વ રક્ષણ પણ શીખવું જ જોઈએ.

**- ગૌરાંગ રાણા**



●●●

હું ત્રણ વર્ષથી કરાટે શીખી રહી છું. કોઈ પણ પરિસ્થિતિમાં રક્ષણ મેળવવા માટે અત્યારથી જ હું ટ્રેન થવા માગું છું. નાની બાળકીઓ પણ સમાજમાં સેફ નથી ત્યારે દરેક દિકરીએ સ્વ-રક્ષણની તાલીમ લેવી જોઈએ.

**- શ્રીષા દવે**



●●●

હું બે વર્ષથી કરાટે કલાસ કરી રહી છું. જેથી મને કોન્ફિડન્સ પાવરમાં વધારો થયો છે. કોઈ વ્યકિત સામે પોતાની જાતને કઈ રીતે રક્ષણ આપી શકાય તે મને શીખવવામાં આવ્યું છે તેથી હું ફુલ કોન્ફીડન્સથી સમાજમાં રહી શકું છું.

**- હીમાદ્રી વર્મા**



●●●

છોકરીઓને ડાન્સ કલાસ અને કૂકીંગ કલાસ કરતા કરાટે કલાસ પર ધ્યાન આપવું જોઈએ. સેલ્ફ ડિફેન્સના કલાસ રેગ્યુલર હોવા જોઈએ. છોકરાઓને તેમના માતા પિતા છોકરીઓ પ્રત્યે રિસ્પેકટ કરતા શીખવે. છોકરીઓ કોઈ વસ્તુ નથી કે તેને તમે ખરીદી શકો.

**- શીતલ માલ્વી**



●●●

સ્વ-રક્ષણ એટલા માટે શીખવું જોઈએ કે કોઈ પણ અટેક કરશે તો તમે પ્રોટેકટ કરી શકશો, તમારામાં આત્મવિશ્વાસ આવશે. તેમાં ઘણી બધી ટ્રીક શીખવવામાં આવે છે જેથી સ્વરક્ષણની તાલીમ લેવી જ જોઈએ. શહેરમાં સામાજિક સંસ્થાઓ દ્વારા આવી તાલીમ આપવાની જરૂર છે.

**- ભૂમિ જોગાણી**

## જન્મદિને વધામણી



**ખુશી હેમાંગભાઈ ગાંધી**
મો. ૯૩૭૭૭ ૨૩૧૬૪



**ગિરીશચંદ્ર તારાચંદ ઝાટકીયા**
મો. ૯૯૯૯૦ ૭૩૪૪૪
મો. ૯૪૦૯૪ ૦૭૮૫૮



**કાનજી રબારી**
મો. ૯૯૧૩૧ ૩૨૪૬૬



**શાન્વી વિપુલકુમાર પટેલ**



**યશ્વી કમલેશ ખનાયત**
મો. ૯૭૨૩૪ ૧૬૧૪૮

# વડાપ્રધાનના આદર્શોને ગામેગામ પંહોચાડવા હું જનસેવક તરીકે તત્પર : મેયર

## સરગાસણમાં નરેન્દ્ર મોદી વિકાસ મિશનના કાર્યક્રમમાં મેયર હિતેષ મકવાણા ઉપસ્થિત રહ્યાં

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરના સરગાસણ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આદર્શો અને વિચારોને ગામેગામ જનજન સુધી પહોંચાડવાના હેતુસર નરેન્દ્ર મોદી વિકાસ મિશન દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં નગરજનો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમમાં શહેરના મેયર હિતેશ મકવાણાએ જણાવ્યુ હતુ કે 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આદર્શોને ગામેગામ પહોંચાડવાં નરેન્દ્ર મોદી વિકાસ મિશન દ્વારા હાથ ધરવામાં આવેલું અભિયાન આપણા માટે નવી ચેલેન્જ સમાન છે આ ભગીરથ કાર્યમાં ગાંધીનગરના પ્રથમ નાગરિક તરીકે અને ભારતીય જનતા પક્ષના એક જનસેવક તરીકે હું હંમેશા તત્પર રહીશ.'

આ સાથે મેયરે નરેન્દ્ર મોદી વિકાસ મિશનની સમગ્ર ટીમને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં નરેન્દ્ર મોદી વિકાસ મિશનના રાષ્ટ્રીય અધ્યક્ષ રામસીભાઈ કરંગીયા, પ્રદેશ પ્રમુખ કેતનભાઈ પરમાર તથા પ્રદેશ મહિલા પ્રમુખ નિલાબેન ઠક્કર સહિત અન્ય હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.






એસ. કે.પટેલ કે.જી. ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં ફલાવર મેકિંગ એક્ટિવિટીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શિક્ષિકાઓએ બાળકોને અલગ-અલગ કલર પેપર લઈને તેમાંથી ફલાવર કેવી રીતે બને છે તે શીખવાડયું હતું. તેમાં બાળકોએ ફલાવર બનાવીને ખૂબ જ આનંદ પ્રાપ્ત કર્યો હતો.

# સે-૭ સ્ટાર એજયુકેશન ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૧૬

સ્ટાર એજયુકેશન ખાતે ભારતનું બંધારણ એકતા અને અખંડિતતા માટેનો દસ્તાવેજ વિષય પર કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના નેતૃત્વ હેઠળ સ્વૈચ્છિક અને માનદ સેવાઓ આપતા પેરાલીગલ વોલ્યુન્ટીયરસ પીએલવી અનિલ કકકડના પ્રયાસો થકી અરજદાર વિદ્યાર્થીઓ માટે સ્ટાર એજયુકેશન ખાતે ચાલતા કલાસ ખાતે કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના ધર્મેશ ઠાકોર દ્વારા સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. મકવાણા રામાજી કોદરજી,** ઉ.વ. ૫૫, સુખડ, પ્રાંતિજ
- **સ્વ. ઠાકોર ભવાનજી ડાહ્યાજી,** ઉ.વ. ૬૫, માણસા
- **સ્વ. પ્રજાપતિ અરવિંદભાઈ સોમાભાઈ,** ઉ.વ. ૫૯, નવા કોબા
- **સ્વ. રબારી સોમાભાઈ સરતાનભાઈ,** ઉ.વ. ૬૨, જૂના પાલજ

# સે-૫ યોગ પરિવાર દ્વારા યોગ ગુરુ સુરેન્દ્રસિંહ વાઘેલાના જન્મ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૫ યોગ પરિવાર દ્વારા આઝાદી અમૃત મહોત્સવ અંતગર્ત સિનિયર સિટીઝન ઉપયોગી માર્ગદર્શન સાથે યોગ ગુરુ સુરેન્દ્રસિંહ વાઘેલાના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી. ઉપસ્થિત સભ્યો એ જન્મ દિવસ ની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. આઝાદી અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સેકટર-૫ ખોડિયાર મંદિર પટાંગણ ખાતે યોગ પરિવાર સાથે જોડાયેલા સેકટરના ૫૦ ઉપરની સંખ્યામાં નિયમિત યોગ કાર્યક્રમમાં ભાગ લેવામાં આવે છે. સિનિયર સિટીઝનોને આઝાદી અમૃત મહોત્સવના ભાગરૂપે મોટી



ઉંમરે સ્વાસ્થ્ય આરોગ્ય અને આચરણ ને ધ્યાને લઈ યોગ પરિવાર દ્વારા માર્ગદર્શન શિબિર નું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં યોગ સંચાલક સુરેન્દ્રસિંહ વાઘેલા એ દેશના વિકાસ માટે અને દેશને આત્મનિર્ભર બનાવવા માટેના સુચનો અને સિનિયર સિટીઝનો નું યોગદાન શું હોઈ શકે વગેરે યોગ્ય માર્ગદર્શન સાથે જણાવ્યું હતું.

આ પ્રસંગે ગાધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિહ બિહોલા તથા સરકારી વકીલ પ્રીતેશભાઈ વ્યાસ, નટુભાઈ પટેલ, રમેશચંદ્ર દવે, પી વી જેઠવા, મુળસિહ ચાવડા, બાબુભાઈ પજાપતિ , જે. જે. ત્રિવેદી, જે. વી. પટેલ, વિનોદભાઈ ભટ્ટ , વાસુદેવભાઈ સુથાર, નરેશભાઈ પરમાર, કનુભાઈ ત્રિવેદી, ઈશ્વરભાઈ, રસિકભાઈ ગજ્જર વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ફીટ ઈન્ડિયા અંતર્ગત તંદુરસ્ત શરીરનો તંદુરસ્ત દેશ તે અંગે સૌના આગવા મંતવ્યો રજુ કરવામાં આવ્યા હતા. યોગ ગુરુ સુરેન્દ્રસિંહ વાઘેલાના જન્મ દિવસની ભવ્ય ઉજવણી કરી દિર્ઘ આયુષ્યની પ્રભુને પાર્થના કરી સૌ સભ્યોએ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. કોરોના ને ધ્યાને લઈ તેઓ દ્વારા દરેક સભ્યો ને માસ વિતરણ કરી આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં આવ્યો હતો.

# સમર્પણ સાયન્સ કોલેજ ખાતે વાઈબ્રન્ટ ડે સેલિબ્રેશન



ગાંધીનગર, તા.૧૬

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે વાઈબ્રન્ટ ડે સેલિબ્રેશન અંતર્ગત એકિઝકયુટીવ ડે નું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં આ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. કોલેજના પ્રોફેસરો પ્રિન્સિપાલ ડૉ. રાજી ડેનિસ અને કોલેજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.



# સમર્પણ સાયન્સ કોલેજ દ્વારા પુલવામાં શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ

ગાંધીનગર, તા.૧૬

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં પુલવામામાં શહીદ થયેલા જવાનો માટે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રાજી ડેનિસ, પ્રોફેસર સ્ટાફ તથા વિદ્યાર્થીઓ દ્વારા શહીદોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સ્ટાફ તથા વિદ્યાર્થીઓ દ્વારા પુલવામાના શહીદોને શ્રદ્ધાંજલિ અપાઈ



ગાંધીનગર, તા.૧૬

જમ્મુ કાશ્મીરના પુલવામામાં ૧૪મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ થયેલા આતંકી હુમલામાં દેશના ૪૦થી વધુ જવાનો શહીદ થયા હતા. આ ઘટનાની ત્રીજી વરસીએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સ્ટાફ દ્વારા આ શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના માનનીય કુલપતિ હર્ષદભાઈ શાહના માર્ગદર્શન મુજબ, યુનિવર્સિટીની નિત્ય પ્રાર્થનાસભામાં શહીદોને શ્રદ્ધાંજલિ અર્પતા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. જેમાં કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ સહિત યુનિવર્સિટીનો સમગ્ર સ્ટાફ જોડાયો હતો. પ્રાર્થનાસભામાં ડૉ. જિજ્ઞેશ પટેલે પુલવામા હુમલાની પૂર્વભૂમિકા રજૂ કરી હતી. ત્યારબાદ સમાજકાર્ય વિભાગના વર્ગખંડમાં પણ અભ્યાકાર્ય શરૂ કરતાં પહેલાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ મિણબત્તી પ્રગટાવી શહીદોને શ્રદ્ધાંજલિ પાઠવી બે મિનિટ મૌન પાળ્યું હતું. જેમાં વિભાગના અધ્યક્ષા રીનાબહેન રાઓલ, ડૉ. શૈલેષ બ્રહ્મભટ્ટ, ડૉ. નરેન્દ્ર વસાવા જોડાયા હતા.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સેવાકાર્ય



ગાંધીનગર, તા.૧૬

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારમાં ૧૦થી વધુ વસ્તુનું વિતરણ કરવામાં આવ્યું હતું. છાત્રેશ્વરી તથા વાટંડામાં ૭૫ લાભાર્થીને ગોળ, ચોખા, સીંગતેલ, મગ, ટુવાલ, નેપકીન, સાબુ, અગરબત્તી વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્યમાં શશીકાંત મોઢા તથા અનિલભાઈ, યોગેશભાઈ, મિલિન્દભાઈએ સાથે રહી સેવાકાર્ય કર્યું હતું. ટુવાન તથા નેપકીન અનિલભાઈ પંચાલ તરફથી તથા કરીયાણુ જયપ્રકાશ નાથાણી તરફથી હતું. દર રવિવારે છાત્રેશ્વરીમાં કાર્યરત ખીચડી-શાકના કાર્યક્રમ માટે સામાન અને નાસ્તો આપવામાં આવ્યો હતો.